## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



લો આ સાંભળવાનું મશીન પહેરી લો... આજે તમને ખખડાવવાના છે...!!

# ભાટ પાસે કાર-ટ્રક વચ્ચે અકસ્માતમાં મહિલાનું મૃત્યુ

**કારમાં સવાર ગંભીર રીતે ઘવાયેલા પતિ-પત્નિને હોસ્પિટલ ખસેડાયા જયાં સારવાર દરમિયાન પત્નિનું મૃત્યુ થયું : ટ્રક મુકીને આરોપી ડ્રાઈવર ફરાર : સેકટર-૨નું દંપતિ અમદાવાદથી ગાંધીનગર આવતું હતું**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨માં રહેતું દંપતિ ગઈ કાલે બપોરે અમદાવાદથી ગાડી લઈને ગાંધીનગર આવી રહ્યું હતું ત્યારે ભાટ પાસે મધર ડેરી નજીક તેમની ગાડીને ગમખ્વાર અકસ્માત નડયો હતો. ટ્રકની ટકકર લાગતા ગાડીમાં ડ્રાઈવર પતિ-પત્નિ ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં પત્નિનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. જયારે પતિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. નોંધનીય છે કે આરોપી ટ્રક ચાલક ઘટના સ્થળે ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો.

શહેરના સેકટર-૨-સી ખાતે રહેતા અને મુળ મહેસાણાના લીંચ ગામના વતની શંકરભારતી શિવભારતી ગોસ્વામીએ નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ તેમના દિકરા જનકભાઈ અને પુત્રવધુ સ્મિતાબેન અમદાવાદથી ગઈ કાલે જીજે.૧ કે.કયુ. ૨૦૪ નંબરની તેમની ગાડી લઈને ગાંધીનગર આવી રહ્યા હતા. રસ્તામાં ઈન્દિરાબ્રીજ થી કોબા વચ્ચે મધર ડેરી નજીક પ્લાઝમા રીસર્ચ સેન્ટરની સામે તેઓ ગાડી લઈને પહોંચ્યા ત્યારે બેફામ જતી જીજે ૧૩ એટી.૧૦૦૨ નંબરની આઈશર ટ્રકે તેમની ગાડીને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. જયારે ગાડીમાં સવાર પતિ-પત્નિને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન સ્મિતાબેન ગોસ્વામીનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે જનકભાઈ હજુ સારવાર હેઠળ છે. અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે મૃતક સ્મિતાબેનના સસરા શંકરભારતીની ફરિયાદ આધારે ગુનો દાખલ કરીને આરોપી ટ્રક ડ્રાઈવરને પકડવા ગતિવિધી તેજ કરી છે. મળતી માહિતી મુજબ ઘાયલ જનકભાઈ ગોસ્વામી રોજગાર અને તાલીમ વિભાગમાં કમિશનરની કચેરી ખાતે ફરજ બજાવે છે.





શહેરની શાળાઓમાં ચાલી રહેલ પરીક્ષાઓ અંતિમ તબક્કામાં છે. પરીક્ષાઓ પૂર્ણ થતા વિદ્યાર્થીઓના ચહેરા પર હાશકારાનો ભાવ ખિલી ઉઠે છે અને વેકેશનને માણવાના ઉમંગો મનમાં ઉછળકૂદ કરવા લાગે છે. આજના યુગમાં વિદ્યાર્થીઓ સ્કૂલવાન કે સ્કૂલ રીક્ષામાં બેસી શાળાએ જાય છે. આખુ વર્ષ સ્કૂલવાનમાં આવ-જા કરવાને લીધે વાનચાલકો સાથે બાળકોને એક ખાસ નાતો બંધાઈ જાય છે. જ્યારે પરીક્ષાઓ પૂર્ણ થઈ વેકેશન ચાલુ થાય એટલે આ સંબંધમાં થોડો વિરામ આવે છે. આ પ્રસંગે વાનવાળા 'અંકલ' બાળકોનું મ્હોં મીઠુ કરાવી વિદાય આપે છે.

# ગાંધીનગરના મેયરના ભવિષ્યનો ૧૮ એપ્રિલે ફેંસલો

**આજની મુદતમાં બન્ને પક્ષે એક કલાક દલીલો થઇ : વધુ એક મુદત પડી : આગામી મુદતમાં ગુણદોષના આધારે ચુકાદો અપાય તેવી શક્યતા**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના મેયર સામે થયેલી પક્ષાંતર ધારાની ફરિયાદ સંદર્ભેના કેસમાં વધુ એકવાર મુદત પડી છે. આજે આ કેસ સંદર્ભે હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન બન્ને પક્ષે એક કલાક સુધી દલીલો રજુ કરવામાં આવી હતી. જેના અંતે આગામી તા ૧૮ એપ્રિલની મુદત આપવામાં આવી છે. આગામી મુદતે આ કેસમાં ગુણદોષના આધારે ચુકાદો આપવામાં આવે તેવી પુરી શકયતા છે. ત્યારે મેયરના ભવિષ્યનો ફેંસલો થશે તેમ પણ મનાઈ રહયુ છે.

ગાંધીનગર મહાનગર-પાલિકાની ચુંટણીમાં કોંગ્રેસ અને ભાજપ બન્ને પક્ષોને સરખી બેઠકો મળતા રાજકીય ઉત્તેજનાના માહોલ વચ્ચે કોંગ્રેસના પ્રવિણ પેટલ પક્ષપલ્ટો કરીને અચાનક જ ભાજપમાં જોડાઇ જતા સ્થાનિક રાજકારણમાં હડકંપ મચી ગયો હતો. પ્રવિણ પટેલ ભાજપમાં જોડાયા બાદ મેયર પદે બિરાજમાન થતા સામે પક્ષે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહે મેયર સામે નામનિર્દિશિષ્ટ અધિકારી સમક્ષ પક્ષાંતર ધારાની ફરિયાદ દાખલ કરી હતી. આ મામલે અગાઉ મુદતનો દોર યથાવત રહેતા આજે ફરિએકવાર આ કેસ સંદર્ભે મુદત હતી જયારે આજની સુનાવણી દરમિયાન બન્ને પક્ષ વચ્ચે એક કલાક દલીલો થઇ હતી. આ દરમિયાન મેયરના વકીલે એવી રજુઆત પણ કરી હતી કે આ સમગ્ર મામલે અધિકારી દ્વારા તપાસ થાય અને અહેવાલને ધ્યાને લઇ નિર્ણય લેવાય તેમ જણાંવાયુ હતુ. જયારે ફરિયાદ પક્ષે પણ બધા પુરાવા રજુ થઇ ગયા હોવાથી કોઇ તપાસ બાકી રહેતી નથી તેમ પણ દલીલમાં જણાંવાયુ હતુ. બન્ને પક્ષે એક કલાકની દલીલો થઇ હતી. ત્યારબાદ આ કેસ સંદર્ભે આગામી તા ૧૮ એપ્રિલની મુદત પડી હતી. આગામી મુદતમાં આ કેસનો ચુકાદો ગુણદોષના આધારે આપી દેવાય તેવી પુરી શકયતા છે. ત્યારે મેયરના ભવિષ્યનો ફેંસલો પણ આગામી ૧૮ એપ્રિલના રોજ થઇ જશે.

## સ્વ. રમેશચંદ્ર અગ્રવાલને રાજયપાલશ્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૩

ભાસ્કર દૈનિક સમૂહના અધ્યક્ષશ્રી રમેશચંદ્ર અગ્રવાલના દુઃખદ નિધન પર ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ શોક વ્યકત કર્યો છે.

રાજયપાલશ્રીએ શોક સંદેશમાં જણાવ્યું છે કે સ્વર્ગસ્થ રમેશચંદ્ર અગ્રવાલનું પત્રકારિતા જગતમાં અને સમાજસેવા ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે તે સદાય યાદ રહેશે.

# દેવીપૂજક સમાજ ૧૧ ટકા અનામત નહીં મળે તો ચૂંટણીનો બહિષ્કાર કરશે

વિરાટ દેવીપુજક સંઘ દ્વારા આયોજીત મહાકાળી સંકલ્પ યાત્રા છેલ્લા બે માસથી સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરી ચુકેલી યાત્રાનો તાજેતરમાં કોબા પાસે સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં રાજયભરમાંથી દેવીપુજક સમાજના અને વિચરતી વિમુકત જાતિના આગેવાનો હાજર રહ્યા હતા. આ સમાપન સમારોહ પ્રસંગે વિરાટ દેવીપુજક સંઘ દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે કે જો રાજય સરકાર ૧૫ દિવસમાં અમારી પડતર માંગણીઓ તેમજ ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા એસટી સુવિધાવાળુ અનામત નહી આપે તો આગામી ૨૦૧૭ની વિધાનસભા ચુંટણીનો દેવીપુજક સમાજ તેમજ ૪૦ વિચરતી વિમુકત જાતિ દ્વારા બહિષ્કાર કરવામાં આવશે.

રાજયમાં દેવીપુજક સમાજ તેમજ વિચરતી વિમુકત ૪૦ જ્ઞાતિઓ ખુબ જ પછાત છે. આ તમામ જ્ઞાતિનો ઓબીસીની અનામતમાં ગોઠવી અન્યાય થઈ રહ્યો છે, અને હક્કનું શોષણ થતું હોવાથી અમારો વિકાસ શકય ન હોવાનું જણાવી રહ્યા છે. ત્યારે દેવીપુજક સમાજ અને ૪૦ વિચરતી વિમુકત જ્ઞાતિઓને સાથે રાખીને વિરાટ દેવીપુજક સંઘ સમાજના શિક્ષણ, વ્યાપાર, ઉધ્ધાર વિકાસ માટે નાગરીકોમાં જાગૃતિ આવે તે માટે સતત પ્રયત્નશીલ છે. જયારે ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત એસટી સુવિધાવાળુ તેમજ પડતર પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે સરકારમાં વારંવાર રજુઆત કરી છે. છતા પણ સરકારના કાને વિરાટ દેવીપુજક સંઘની રજુઆત ધ્યાને લેવામાં આવતી નથી. ત્યારે મહાકાલી સંકલ્પ યાત્રાના સમાપન સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહેલા વીડીએસના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું કે આગામી ૧૫ દિવસમાં સરકાર તરફથી અનામક અંહે હકારાત્મક વલણ નહી અપનાવવમાં આવે તો આગામી આવનારી વિધાનસભા ચુંટણીનો દેવીપુજક સમાજ સહિત ૪૦ વિચરતી વિમુકત જાતિ દ્વારા બહિષ્કાર કરવામાં આવશે તેવો ઠરાવ કરાયો છે. તેમજ આગામી સમયમાં વિરાટ દેવીપુજક સંઘ દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજના વાર્ષિકોત્સવ સૌહાર્દ-૨૦૧૭ની દબદબાભેર ઉજવણી વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા કરવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થીઓએ ગીત-સંગીત, નાટક, ટ્રેડીશનલ અને વેસ્ટર્ન ડાન્સ સહિત કૃતિઓ અદ્ભૂત રીતે રજૂ કરી હતી. સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે ઉપસ્થિત પોલીટેકનીક કોલેજ પરિવારના સભ્યો અને વિદ્યાર્થી મિત્રોએ તાળીઓના ગળગળાટથી સૌ વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓને વધાવી લીધી હતી. સૌહાર્દ-૨૦૧૭ કાર્યક્રમ બે શીફટમાં યોજાયો હતો. જેમાં કોલેજમાં અભ્યાસ કરતા ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

